| | |
|---|---|
| | દાખલ તારીખ : ૦૬–૦૩–૨૦૨૬<br>નોધ્યા તારીખ : ૦૬–૦૩–૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૧–૦૩–૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૫ |

==================================================
=

**ગીર–સોમનાથ જિલ્લાના મહે. એડીશ્નલ સેશન્સ જજ**

**(શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં, મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૧૦૯/૨૦૨૬**
**આંક–**

| | |
|---|---|
| (૧) અતુલભાઇ પ્રવિણભાઇ ધકાણ,<br>ઉ.વ.આ.૪૬, ધંધોઃ હીરા ઘસુ,<br>રહે. અમદાવાદ, ઠે.ગુજરાત હાઉસીગ બોર્ડ,<br>નવરંગ ફ્લેટ પાસે બાપુનગર,<br>હાલઃ– મહાવીર સ્મૃતિ પાર્શ્વનાથ ટાઉન<br>શીપ, એ–૧૯ અમદાવાદ<br>(૨) ભરતભાઈ પ્રવિણભાઈ સોની,<br>ઉ.વ.આ.૪૭, ધંધોઃ ડાઈવીંગ,<br>રહે. મુળ : ઈ/૧૪૧ ચાણકીય પુરી સેકટર ૧<br>શોચોના સીટી પાસે ધાટલોડીયા અમદાવાદ<br>હાલ રહે. હંસપુરા નિલકંઠ હાઈટસ,<br>કે–૩૦૧ નરોડા અમદાવાદ શહેર<br>હાલ :– જિલ્લા જેલ, જૂનાગઢ. | **.....અરજદાર/આરોપીઓ** |
| **–:: વિરૂધ્ધ ::–** | |
| **શ્રી સરકાર** | **.....સામાવાળા/ફરિયાદી** |
| **અરજદાર તરફે વિ. વકીલશ્રી પી. ડી. ધોળીયા.** | |
| **શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી જે. ડી. પાઠક.** | |

**બાબત :- બી. એન. એસ. એસ.ની કલમ-૪૮૩ મુજબ જામીન અરજી.**

**-:: જજમેન્ટ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ સુત્રાપાડા પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૧૮૬૦૦૬૨૬૦૧૩૬/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૦૫(ડી), ૩૩૧(૩), ૫૪ મુજબનો ગુનો અરજદાર/ આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ હોય સદર ગુના સબબ અરજદાર/ આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ- ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીઓની અરજી સંબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકારશ્રી તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી જે. ડી. પાઠક હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીઓ તરફે વિ. વકિલશ્રી પી.ડી. ધોળીયાની દલીલ છે કે, ફરિયાદમાં આરોપીઓના નામ નથી, ખોટી રીતે અટક કરેલા છે, સ્થાનિક રહેવાસી છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને ખોટી રીતે સંડોવી દીધેલ હોય જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી જે. ડી. પાઠકની દલીલ છે કે, માતાજીના મંદિરમાં ચોરી કરેલ છે, આરોપીઓ પાસેથી મુદ્દામાલ મળી આવેલ છે અને આરોપીઓ ચોરી કરવાની ટેવવાળા હોય જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) તપાસ કરનાર અમલદારશ્રી એમ. આર. ડવ હાજર રહેલા છે અને પોતાનું સોગંદનામું આપેલ છે અને તેમાં એવી રજૂઆત છે કે, મંદિરમાંથી જે મુદ્દામાલ ગયેલ હતો તે મુદ્દામાલ તે જ સ્થિતિમાં આરોપીઓ પાસેથી મળી આવેલો છે અને મુદ્દામાલ ફરિયાદીએ ઓળખી બતાવેલો છે અને સાહેદ મંજુબેનના નિવેદન મુજબ આ બંને આરોપીઓ સાઢુભાઇ થાય છે અને મંદિરના પુજારી બહારગામ ગયેલ હોય મંદિરની ચાવી અમને આપી ગયેલ. આ બંને આરોપીઓ ફોરવ્હીલ લઇને આવેલા અને અમારી પાસેથી ચાવી લઇ ગયેલ, આરોપીઓને ઓળખી બતાવેલા છે.

(૬) ફરિયાદ હકીકત મુજબ આરોપીઓએ સુત્રાપાડા તાલુકાના ગોરખમઢી ગામમાં વાંકી શેરી વિસ્તારમાં આવેલ અંબે માતાજીના મંદિરમાં કોઇ પણ રીતે તાળું ખોલી મંદિરમાં અંદર પ્રવેશ કરી અંબે માતાજીના મુર્તિના ઉપરના ભાગે આવેલ સોનાના બે ઝુમર જેમાં એક ઝુમરનો વજન ૦૫ ગ્રામ જેની કિં. રૂા.૫૦,૦૦૦/- બીજા સોનાના ઝુમરનો વજન ૦૩ ગ્રામ જેની કિં. રૂા. ૩૦,૦૦૦/- જે ફરિયાદીના સમાજ દ્વારા મંદિરમાં દાન પેટે આપેલ હોય તથા અંબે માતાજીના મુર્તિમાં નાકમાં પહેરેલ સોનાની નથડી જેમનો વજન ૦૩ ગ્રામ જેની કિં. રૂા. ૩૦,૦૦૦/- જે ફરિયાદીના સમાજ દ્વારા સને ૨૦૨૦ માં ખરીદ કરેલ હતું જે બે સોનાના ઝુમર તથા એક સોનાની નથડીનું કુલ વજન ૧૧ ગ્રામ જેની કુલ આશરે કિ. રૂા. ૧,૧૦, ૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુન્હો કરેલ છે. ફરિયાદ પક્ષ તરફેની દલીલો, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા તપાસના કાગળો ધ્યાને લેતાં એવી હકીકત જણાય આવે છે કે, મંદિરમાંથી જે મુદ્દામાલ ગયેલ હતો તે મુદ્દામાલ તે જ સ્થિતિમાં આરોપીઓ પાસેથી મળી આવેલો છે અને મુદ્દામાલ ફરિયાદીએ ઓળખી બતાવેલો છે અને સાહેદ મંજુબેન ના નિવેદન મુજબ મંદિરના પુજારી બહારગામ ગયેલ હોય મંદિરની ચાવી અમને આપી ગયેલ. આ બંને આરોપીઓ ફોરવ્હીલ લઇને

આવેલા અને અમારી પાસેથી દર્શન કરવા માટે ચાવી લઇ ગયેલ, આરોપીઓને ઓળખી બતાવેલા છે. સોગંદનામા સાથે જે લીસ્ટ રજૂ કરવામાં આવેલ છે તે મુજબ આરોપી અતુલભાઇ પ્રવિણભાઇ ધકાણ વિરૂધ્ધ કુલ–૧૩ ગુન્હા નોંધાયેલા છે. તેમજ આરોપી ભરતભાઇ પ્રવિણભાઇ સોની અને તેની પત્ની વિરૂધ્ધ કુલ ૬ ગુન્હા નોંધાયેલા છે. આમ, આરોપીઓ ગુન્હો કરવા ની ટેવવાળા છે. જો અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો પોતાની જાતને વધુ ગુન્હાઓમાં સંડોવે તેમ હોય જેથી અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાતું ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીઓ હાલ જેલમાં હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્વારા કરવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડીશ્નલ સેશન્સ જજ
ગીર–સોમનાથ, મુ. વેરાવળ
કોડ નં. જીજે૦૦૭૫૬